<u>**મે. એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કોર્ટ નં.૪, અમદાવાદ.**</u>

**ફોજદારી કેસ નં. 40803–2023**

**ફરિયાદી:** **શ્રી સરકાર**

<u>**વિરુધ્ધ**</u>

**આરોપીઓ:** SLAMUDDIN ALAUDDIN SAIYAD

<u>**ગુન્હો–આઈ.પી.સી.કલમ–૨૮૩ મુજબ...**</u>

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં જણાવ્યા મુજબની તારીખ, સમય અને સ્થળે પોતાના હવાલાવાળુ વાહન રાહદારીઓને તથા ટ્રાફીકને અડચણરૂપ થાય તે રીતે રાખેલ હોય, તપાસ કરનાર અધિકારીએ તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ આઈ.પી.સી.કલમ–૨૮૩ મુજબનું શીક્ષાને પાત્ર ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરેલ છે.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ કરતા આરોપી અદાલત સમક્ષ ઉપસ્થિત થતા આરોપીને તેની સામેનાં પોલીસ પેપર્સનાં કાગળોની નકલો મળ્યાની ખાતરી કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ ગુનાની કબુલાત પુરસીસ આપેલ છે તથા આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેનો ગુનો કબુલ કરેલ છે. આરોપીએ તેની ગુન્હા કબુલાત પુરસીશ તેમજ મૌખિક રજુઆતમાં જણાવેલ કે, તે ગરીબ અને કુટુંબ કબીલાવાળા માણસ છે, આ પ્રથમ વખતનો ગુન્હો છે, ફરી આવો ગુન્હો નહી કરે તેની ખાત્રી આપેલ છે. જેથી દયાભર્યો હુકમ કરવા અરજ છે.

(૩) સદર કામે આરોપીએ સ્વૈચ્છાએ પોતાની વિરૂધ્ધનો ગુન્હો કબુલ કરે છે અને દયાની માંગણી કરેલ છે. આરોપીની સદર ગુના કબુલાત સાચી અને સ્વૈચ્છાએ હોય સદર કબુલાત તેમજ ગુના અંગે સજાની જોગવાઈ તેમજ આરોપીની પરિસ્થિતી ધ્યાને લેતા અને ન્યાયનો હેતુ નજર સમક્ષ રાખતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

<u>**હુકમ**</u>

(૧) આ કામના આરોપીને ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૨૫૨ અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવી આરોપીને ભારતીય સંહીતાની કલમ–૨૮૩ માં કુલ **રૂ.૨૦૦/– (બસો પૂરા)** દંડનો હુકમ કરવામાં આવે છે, અને જો આરોપી દંડની રકમ ના ભરે તો દિન–૩ (ત્રણ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩/૦૫/૨૦૨૩ ના સ્પેશીયલ સીટીંગમા જાહેર કરવામા આવેલ છે.

સ્થળ. અમદાવાદ
તા. ૧૩/૦૫/૨૦૨૩

(હીના જીતેન્દ્રભાઈ બ્રહમભટ્ટ)
એડી.ચીફ મેટ્રો.મેજી.
અમદાવાદ. કોડ નંબર–**GJ**–01172